નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/ ૬૯
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૮/૦૨/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ— રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) મુજબ રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) ના તબદીલીના કિસ્સામાં કાર્યવાહી કરવા બાબતે.**

સંદર્ભઃ— નિગમના પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૩૧/૭૨૮/૯૭, તા.૨૮.૧૦.૧૯૯૭

નિગમના નિયામક મંડળની તા.૦૨.૦૨.૨૦૧૭ ના રોજ યોજાયેલ ૪૯૪ મી સભામાં નિગમ ધ્વારા રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) મુજબ રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) ના તબદીલીના કિસ્સામાં કાર્યવાહી કરવા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ ૨૦/પોસ્ટ વિતરણ/૪૯૪, તા.૦૨.૦૨.૨૦૧૭ થી સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ ધ્વારા થયેલ ઠરાવ ક્રમાંકઃ૧૯/ પોસ્ટ વિતરણ/ ૪૯૪/૨૦૧૭ અન્વયે નીચે મુજબ પરિપત્ર જારી કરવામાં આવે છે.

નિગમના તારીખઃ૨૮.૧૦.૧૯૯૭ ના પરિપત્ર મુજબ રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) ની જેમ રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) માન્ય રાખી તબદીલી અંગેની કાર્યવાહી કરવાની રહેશે. જેમાં કંપનીના તબદીલીના કિસ્સામાં નિગમને તબદીલી અંગેની અરજી મળે છે ત્યારે કેટલાક કિસ્સામાં જુના ડાયરેકટરો હાજર ન હોય કે બદલાયેલ હોઈ, તબદીલી અંગેની કાર્યવાહી થઈ શકતી નથી. જેથી આ પ્રકારના તબદીલીના કિસ્સાઓમાં પણ રજીસ્ટ્રાર ઓફ ફર્મની જેમ રજીસ્ટ્રાર ઓફ કંપની ધ્વારા કંપનીના ડાયરેકટરોમાં થયેલ ફેરફાર બાબતે કરવામાં આવેલ નોંધણીની પ્રમાણિત નકલ તેમજ કંપનીના અદ્યતન બોર્ડ ઓફ ડાયરેકટર્સ ધ્વારા મિલ્કત તબદીલ કરવા કરેલા ઠરાવની નકલ નિગમને રજુ કરવાની રહેશે. જેથી છુટા થયેલ / જુના ડાયરેકટરની સહીનો આગ્રહ રાખવાનો રહેશે નહિ અને તબદીલી અંગેની નિગમના નીતિ નિયમ મુજબ તબદીલી અંગેની કાર્યવાહી કરવાહી કરવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

—સહી—
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ—**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ—૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**